### સાબરકાઠા જિલ્લાના મતદારોએ અનેરો ઉત્સાહ બતાવ્યો

# જિલ્લાની ૭ બેઠકો પર સરેરાશ ૬૯ ટકા મતદાન

## સ્લમ અને લઘુમતિ વિસ્તારોમાં અસરકારક મતદાન : ગૃહ મંત્રી પ્રફુલ પટેલ, શિક્ષણ મંત્રી રમણલાલ વોરા અને રાજય શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણનું ભાવિ ઈ.વી.એમ. મશીનમાં કેદ

હિંમતનગર ૧૭

સાબરકાઠા જિલ્લાની ૭ વિધાન સભા બેઠકો હિંમતનગર, ઈડર, ખેડબ્રહમા, ભિલોડા, મોડાસા, બાયડ અને પ્રાંતિજ બેઠક ઉપર મતદારોએ ઉત્સાહ બતાવી સરેરાશ ૬૯ ટકા જેટલુ મતદાન કરયુ હતું. સવારના ૧૧ કલાક સુધીમાં ૧૯.૬૬ ટકા મતદાન નોંધાયુ હતું. જે બપોરે ૩ વાગ્યા સુધીમાં ૬૩ ટકા જેટલુ મતદાન થવા પામ્યુ હતું હિંમતનગર બેઠક ઉપર બપોરે ૩ વાગ્યા સુધીમાં ૭૦.૯૨ ટકા મતદાન થવા પામ્યુ હતુ. હિંમતનગર બેઠક ઉપર સ્લમ અને લઘુમતિ વિસ્તારમાં મતદારોએ ભારે ઉત્સાહ બતાવી ૮૫ થી ૯૦ ટકા મતદાન કરી રેકોર્ડ તોડયો હતો. ગૃહ મંત્રી પ્રફુલ પટેલે પોલો ગ્રાઉન્ડની માણેક કૃપા હાઈસ્કુલમાં તેમજ તેમના કોંગ્રેસના હરિફ ઉમેદવાર રાજેન્દ્રસિંહ ચાવડાએ મહાવીર નગરની ન્યુ એજયુકેશન સ્કુલમાં મતદાન કર્યુ હતુ.

બીજા તબકકાની આજે



(તસ્વીર: મગન વણજારા, હિંમતનગર )

સોમવારે યોજાયેલ વિધાન સભાની ૭ બેઠકોની ચૂંટણીમાં સાબરકાઠા જિલ્લાના મતદારોએ સ્વયુમભૂ ઉત્સાહ દર્શાવી ૬૯ ટકા જેટલુ મતદાન કર્યુ હતુ. સવારથી જ મતદારોએ ઉત્સાહ બતાવી બપોરના ૩ વાગ્યા સુધીમાં ૬૨.૮૬ ટકા મતદાન કર્યુ હતું. સ્લમ અને લઘુમતિ વિસ્તારના મતાદારોએ ઉમળકા ભેર મતદાન કરી કયાંક ૮૫ ટકા તો કયાં ૯૦ ટકાથી પણ વધારે મતદાન કર્યુ હોવાના આકડાઓ પ્રાપ્ત થયા છે.

જિલ્લાના ત્રણ મંત્રીઓના મત વિસ્તારમાં પણ ભારે મતદાન થવા પામ્યુ છે. હિંમતનગર બેઠક ઉપર બપોરે ૭૧ ટકા, ઈડર બેઠક ઉપર ૫૮ ટકા અને પ્રાંતિજ બેઠક ઉપર ૬૨ ટકા જેટલુ મતદાન થયુ હતુ. ગૃહ મંત્રી પ્રફુલ પટેલ, શિક્ષણ મંત્રી રમણલાલ વોરા અને રાજય શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણ સહિત ૬૪ ઉમેદવારોનુ ભાવિ મતદારોએ ઈ.વી.એમ. મશીનમાં કેદ કર્યુ છે. ત્યારે ૨૦મીએ જોવુ રહયુ ? મતદારો પોતાના પ્રતિનિધિ તરીકે કોને પસંદ કર્યા છે ?



તા. ૧૭મીના રોજ સવારે બીજા તબક્કાનું મતદાન શરૂ થવાના પહેલા ખેડબ્રહ્મા તાલુકામાં પાંચ ઈ.વી.એમ. ખોરવાતા તેને બદલવા પડ્યા હતા. ખેડબ્રહ્મા તાલુકાના બુથ નંબર-૨૬૫ ભગોરાપાડા, ૨૦૪ રાજપુર, ૧૦૦ હિંગટીયા, ૮૧ ખેરોજ અને ૨૭૦ ચિત્રોડી-૧ મળી કુલ પાંચ ઈવીએમમાં નાની મોટી ખામીઓ સર્જાતા ચૂંટણી પંચે તાત્કાલિક ઈ.વી.એમ. બદલી નાખ્યા હતા. જ્યારે બીજી તસવીરમાં ખેડબ્રહ્મા તાલુકાના પરોયા ગામના ૧૧૦ વર્ષના વૃદ્ધા રતનબેન વજાભાઈ પરમારે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી સોમવારના રોજ પરોયા પ્રાથમિક શાળામાં જઈ પોતાનો મત આપ્યો હતો. જ્યારે ત્રીજી તસવીરમાં વિધાનસભાની બીજા તબક્કાની ચૂંટણી માટે સોમવારના રોજ યોજાયેલા મતદાનમાં ખેડબ્રહ્મામાં કેટલાક મતદારો પાસે ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલા કાર્ડ છે. પરંતુ મતદાર યાદીમાંથી નામ ગાયબ હોવાના કારણે મતાધિકારથી વંચીત રહ્યા હતા. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# મહેસાણા જિલ્લામાં ૭૨ ટકા મતદાન

મહેસાણા, તા. ૧૭

ગુજરાત વિધાનસભાની બીજા તબક્કાની ૯૫ બેઠકો માટે આજે સામાન્ય ચૂંટણી યોજાઈ હતી. જેમાં મહેસાણા જિલ્લામાં સરેરાશ અંદાજે ૭૨ ટકા જેટલું મતદાન થયું હતું.

મહેસાણા જિલ્લામાં વિધાનસભાની સાત બેઠકો માટે આજે સવારના આઠ વાગ્યાથી નિયત મતદાન મથકોએ મતદાન શરૂ થયું હતું. જિલ્લાના શેહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં સવારથી જ મતદાન મથકો પર મતદાન માટે મતદારો ઉમટ્યા હતા. સવારના સમયે ઘણા મતદાન મથકો પર પુરૂષ અને સ્ત્રી મતદારોની કતારો લાગી હતી. જેમાંયુવા મતદારોની સંખ્યા સવિશેષ નજરે પડી હતી. આ ઉપરાંત લઘુમતિ સમાજની મહિલાઓ, પુરૂષોએ પણ ઉત્સાહભેર મતદાન કર્યુ હતું. બપોરના સમયે મતદાન વધ્યું હતું. ત્રણ વાગ્યા બાદ મતદાનમથકો પર જૂજ મતદારો જોવા મળ્યા હતા. આમ ૨૦૦૭ની ચૂંટમીની તુલનામાં આ વખતની ચૂંટણીમાં મતદાનની ટકાવારી વધી છે. જિલ્લાની સાત બેઠકો પર કુલ ૬૨ ઉમેદવારો ચૂંટણી જંગમાં હતા. જેઓનું ભાવિ ઈ.વી.મ. મશીનમાં કેદ થઈ ગયું છે. આનો ફેંસલો મતગણતરી ૨૦મી ડિસેમ્બરે થશે.

જિલ્લામાં વિધાનસભા મત વિભાગ મુજબ મતદાનની ટકાવારી જોઈએ તો ૨૦ ખેરાલુ-૭૦ ટકા, ૨૧ ઊંઝા-૬૯ ટકા, ૨૨-વિસનગર-૭૭, ૨૩-બેચરાજી-૭૪ ટકા, ૨૪ કડી (અ.જા.)-૭૧ ટકા મતદાન થયું હોવાના અહેવાલ મળ્યા છે. મહેસાણા જિલ્લામાં સરેરાશ ૭૨ ટકા મતદાન થયેલ છે.



પ્રાંતિજ વિધાનસભા બેઠક પરના બન્ને રાજકીય પક્ષો કોંગ્રેસ અને ભાજપના ઉમેદવારોએ આજે ઉત્સાહભેર મતદાન કર્યુ હતું. ભાજપના ઉમેદવાર જયસિંહ ચૌહાણે પ્રાંતિજ તાલુકાના વાઘપુર ગામે સવારે ૮.૧૦ કલાકે મતદાન કર્યુ હતું. જ્યારે કોંગ્રેસના ઉમેદવાર મહેન્દ્રસિંહ બારૈયાએ પ્રાંતિજના ફતેપુર ગામેથી મતદાન કર્યુ હતું. અને લોકોને મતદાન કરવા જાગૃત કર્યા હતા. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

### પ્રાંતિજના ૨૭૪ બુથો પર શાંતિપૂર્ણ મતદાન

પ્રાંતિજ, તા. ૧૭

પ્રાંતિજ-તલોદ વિધાનસભા બેઠકના ૨૭૪ મતદાન બુથો પર મતદાતાઓએ ભારે ઉમળકાભેર મતદાન કરતા રાજકીય પક્ષો તેમજ રાજકીય પંડિતો હાર-જીતની શક્યતાઓના અનુમાન વચ્ચે ગોથા ખાઈ જાય એવો ખેલ મતદાતાઓએ પાડી દીધો છે. આ વિધાનસભા બેઠકમાં સમાવિષ્ટ ૨,૧૧,૪૫૭ જેટલા મતદાતાઓ પૈકી પુરુષ મતદાતાઓમાં ૧,૦૯ ૮૭૬ તેમજ સ્ત્રી મતદારોમાં ૧,૦૧,૫૮૧માંથી ૮૪૨૫૦જેટલા મતદારોએ પોતાનો મત આપી કુલ ૭૬.૬૮ ટકા મતદાન કર્યુંહતું.

# જોરાપુરા નજીક ટ્રક-બાઈક વચ્ચે અકસ્માતમાં એકનું મોત, એક ગંભીર

ડિસા, તા. ૧૭

ડિસા-થરાદ હાઈવે પર આવેલ જોરાપુરા ગામના પાટીયા પાસે પુરઝડપે આવી રહેલ ટ્રકે બાઈકને ટક્કર મારતા એક યુવકનું ઘટના સ્થળેજ કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે એક યુવકને ગંભીર હાલતમાં મહેસાણા ખાતે ખસેડવામાં આવ્યો છે.

ડિસા-થરાદ હાઈવે પર આવેલ જોરાપુરા ગામના પાટીયા પાસે ટ્રક અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ટ્રકે બાઈકને ટક્કર મારતાં બાઈક સવાર વિશાલ ખુશાલદાસ ઠાકોર (ઉં.વ. ૩૫, રહે. શાસ્ત્રીનગર, ડિસા) અને અભયસિંહ ચુનીલાલ ઠાકોર (રહે. ડિસા)ને ગંભીર પ્રમાણમાં ઈજાઓ થવા પામી હતી. જેમાં વિશાલ ઠાકોરનું કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે અભયસિંહ ઠાકોરને ગંભીર હાલતમાં શહેરની એક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા બાદ વધુ સારવાર માટે મહેસાણા સ્ટર્લિંગ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવેલ છે. જ્યારે મૃતક વિશાલ ઠાકોરના મૃતદેહને પી.એમ. અર્થે ડિસાની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જો કે આ બાબતની જાણ થતાં જ મતદાન પ્રક્રિયામાં જોડાયેલ ઠાકોર સમાજના લોકો સરકારી હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા.

### મહેસાણા જિલ્લામાં સરેરાશ ૭૧ ટકા મતદાન

મહેસાણા, તા. ૧૭

મહેસાણા જિલ્લાની સમાવિષ્ટ સાત વિધાનસભાની બેઠકો પર અંદાજીત ૭૧ ટકા મતદાન થયું છે.જિલ્લા માં સવારથી જ મતદારોમાં ઉત્સાહ અને ઉમંગ જોવા મળી રહ્યો હતો. જિલ્લા ચુંટણી અધિકારીશ્રી દ્વારા સ્વીપ કાર્યક્રમ મતદાર જાગૃતિ અભિયાનને વ્યાપક -માણમાં આજે અનેક સ્થળે સમર્થન મળ્યું તેમ જોવા મળતું હતું, જિલ્લામાંના તમામ મતદાન મથકો પર શાંતિપ્રુણ મતદાન થયું હતું. જિલ્લામાં કોઈ સ્થળે અનિચ્છનીય ઘટના બનેલ હોય તેમ જાણવા મળેલ નથી.



સાબરકાંઠા જિલ્લા સહકારી સંઘના ઉપક્રમે મોડાસા મુકામે સહકાર સપ્તાહના ઉદ્દઘાટન પ્રસંગે ગુજરાત રાજ્ય સહકારી સંઘના અધ્યક્ષ ઘનશ્યામભાઈ અમીન, સંઘના અધ્યક્ષ અંબાલાલ ઉપાધ્યાય, સાબરકાંઠા બેન્કના વાઈસ ચેરમેન રામજીભાઈ પટેલ, મણિભાઈ પટેલ, ખેમાભાઈ પટેલ, ધુળાભાઈ પટેલ વગેરેએ હાજરી આપી હતી. (તસવીર : દશરથ વણઝારા, તલોદ)

# ૧૬ ડિસેમ્બરથી ૨૦ ડિસેમ્બર સુધી ડ્રાય ડે જાહેર કરાયા

મહેસાણા, તા.૧૭

વિધાનસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત ૧૬ ડિસેમ્બરથી ૨૦ ડિસેમ્બર ૨૦૧૨ સુધી આ તમામ દિવસોને ડ્રાય ડે જાહેર કરાયા છે. મુંબઈ નશાબંધી અધિનિયમ ૧૯૪૯ની કલમ ૧૪૨ની જોગવાઈઓથી મળેલ સત્તાની રૂએ કલેકટરશ્રી રાજકુમાર બેનીવાલે નશાયુકત પદાર્થોના વેચાણ પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

મહેસાણા જિલ્લાની હદ વિસ્તારમાં આવેલ તમામ શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલ પોષડોડા તથા વિદેશી દારૂનું પરમીટ ધરાવનારાઓએ આ દિવસો દરમિયાન દારૂ, પોષડોડા કે અન્ય નશાયુકત પદાર્થોનું વેચાણ તેમજ પીરસવા-વહેંચણી પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

આ જાહેરનામાનો ભંગ કરનાર કે કરાવનાર સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર ગણાશે તેમ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી રાજકુમાર બેનીવાલની અખબારી યાદીમાં જણાવાયું છે.

## સમાચાર ઝલક

- સિયાચીનમાં હિમ સ્ખલનથી ૬ સૈનિકોનાં મોત.
- દિલ્હીમાં ચાલુ બસે તરૂણી પર બળાત્કાર.
- પાકિસ્તાનમાં ખેબરઘાટ પર બોમ્બ વિસ્ફોટ : ૧૫ વ્યક્તિઓનાં મોત.
- ૧૪મી જાન્યુઆરીએ કલ્યાણસિંહ તેમનાં પક્ષ સાથે ભાજપમાં જોડાશે.
- લખનૌમાં હજુ અનામત પ્રમોશનથી પરિસ્થિતિ તંગ.
- રશિયામાં ઉત્તરીય ક્ષેત્રમાં જવાળામુખી ફાટ્યો, દક્ષિણ અમેરિકાનાં ઇક્વાડોરમાં પણ જવાળામુખીએ આગ ઓકી.
- ૨૦૧૨-૧૩માં વિકાસ દર ૫.૭ % રહેવાનું કેન્દ્ર સરકારનું અનુમાન.
- 'કબડ્ડી વિશ્વ કપ' : પાકિસ્તાને કબડ્ડી સ્પર્ધામાં ભારતને હરાવી કપ જીત્યો.
- હાલોલની પ્યોરીટી કપનીમાં આગ.
- માયાવાતીના નિવાસ સ્થાન સામે ઉત્તરપ્રદેશના કર્મચારીઓના દેખાવો.
- જાપાનાના વડાપ્રધાનના પક્ષની હાર.

# મતગણતરીના વિસ્તારમાં કલમ ૧૪૪ લાગુ કરાઈ

મહેસાણા, તા.૧૭

મહેસાણા જિલ્લા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી એમ.એન. ગઢવીએ મતગણતરીના દિવસે ૨૦ ડિસેમ્બર ૨૦૧૨ના રોજ જુની સુવિધા પીટીસી કોલેજ કેમ્પસ મહેસાણા બેચરાજી રોડ, મું. હેડુવા-રાજગર સ્થળ પર કલમ ૧૪૪ લાગુ કરી છે. મતગણતરી પુરી થાય ત્યાં સુધી ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી તેમજ સદરહું સ્થળે મતગણતરીના કામ માટે ઉપયોગમાં લેવાનાર મકાન તથા તેના કમ્પાઉન્ડની અંદર બિન અધિકૃત રીતે વ્યકિતએ પ્રવેશ કરવો નહીં. આ આદેશ ફરજ પરના અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ, ફરજ પરનો પોલીસ સ્ટાફ, ચુંટણીના ઉમેદવારો, મતગણતરી એજન્ટો, ભારતીય ચૂંટણી પંચ દ્વારા અધિકૃત કરવામાં આવે તેવી વ્યકિતઓને તેમજ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા અધિકૃત વ્યકિતઓને લાગુ પડશે નહીં તેમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી એમ.એન. ગઢવીની અખબારી યાદીમાં જણાવાયું છે.

# મતગણતરીના સ્થળે વિજાણુ સાધનો લઈ જવા પર પ્રતિબંધ ફરમાવ્યો

મહેસાણા, તા.૧૭

મહેસાણા જિલ્લામાં સમાવિષ્ટ સાત વિધાનસભાની મતગણતરી જુની સુવિધા પીટીસી કોલેજ કેમ્પસ, મહેસાણા-બેચરાજી રોડ મું. હેડવા-રાજગર તા.જિ. મહેસાણાના સ્થળે ૧૦૦ મીટરની ત્રિજયામાં વિજાણું સાધનો વાપરવા કે લઈ જવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

મતગણતરીના દિવસે રાત્રે ૮ કલાક સુધી ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઈ પણ વ્યકિત મોબાઈલ ફોન, સેલ્યુલર ફોન, કોડલેસ ફોન તથા વાયરલેસ સેટ, વોકીટોકી સાથે લઈ જઈ શકશે નહીં.

આ આદેશ ફરજ પરના અધિકારીશ્રીઓ કર્મચારીશ્રીઓ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવતા ફરજ પરનો સ્ટાફ ભરાતના ચૂંટણી પંચ દ્વારા અધિકૃત કરેલ અધિકારીશ્રીઓ તેમજ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા અધિકૃત કરવામાં આવેલ તેમને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર કે કરાવનાર સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર ગણાશે તેમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી એમ.એન. ગઢવીની અખબારી યાદીમાં જણાવાયું છે.

## સ્પંદન ડોટ કોમ (પાના નં. ૨નું ચાલુ)

આમ આદમી, આમ નાગરિક, આમ જનતા... બધા જ રાજકીય પક્ષો આ 'આમ'ના વિકાસનો ઢંઢેરો પીટે છે, પણ સાચું પુછો તો આ 'આમ' બીચારો... ચુંટણીમાં ઝાઝી ખબર નથી પડતી એટલે ભારે કન્ફ્યુઝનમાં છે.

વર્ષો પહેલા એક શાંતિ હતી. ચુંટણીના મુદ્દાઓ સામાન્ય મતદાતાને સમજ પડે તેવા, સાવ સામાન્ય રહેતા. દા.ત. ગરીબી હટાવો કે બેકારી દૂર કરો અથવા અમારો પક્ષ આટલી શાળાઓ ઉભી કરશે કે આટલા દવાખાના બાંધશે વગેરે .... વગેરે....

આ સાવ સામાન્ય, સમજ પડે તેવા, મુદ્દાઓ સામાન્ય માણસોને તેલના શીરાની માફક ગળે ઉતરી જતા. (તેલના ? !.. હા ભાઈ, હું તો સામાન્ય માણસોની વાત કરું છું.)

આ વખતની ચુંટણીના મુદ્દા સામાન્ય માણસને તો ઠીક, પણ ભલભલા બુદ્ધીજીવી મતદારને પણ સમજાતા નથી.

થોડાક ઉદાહરણ તરીકે ..... રાઈટ ટુ રીકોલનો મુદ્દો અથવા તો સરક્રીકનો મુદ્દો કે પછી વોલમાર્ટ અને એફ.ડી.આઈ. અથવા ઈલેક્શન માર્કેટીંગનો મુદ્દો અને છેલ્લે આપણા દશ-દશ વર્ષથી પત્રકારત્વ કરતા મિત્રોએ પણ જે શબ્દમાટે, માથું ખંજવાળતા ખંજવાળતા ઈન્ટરનેટ ખોલીને વીકીપીડીયા ફંફોસવું પડ્યું છે તે શબ્દ... એન્ટી-ઈન્કમ્બન્સી ફેક્ટર.

હવે આ ચુંટણીના કેટલા મતદારો પાસે વીકીપિડીયા ખોલવાનું જ્ઞાન, સગવડ અને વૃત્તિ હશે ?!!

એક નજીકના મિત્રએ કહ્યું...

સાચું કહુ તો આ ફ્લાણી પાર્ટીની સભાઓમાં ભલે ફરૂં છું પણ ખરેખર નક્કી જ નથી કરી શકતો કે આખરે વોટ આપવો કોને ?! હવે તો મતદાન કેન્દ્ર પર ચૂંટણીકાર્ડ લઈને પહોંચી જવું છે. છેલ્લી ઘડીએ જે વિચાર આવે એ ખરો... ?!!

મતદાન મથકે જઈ ઈ.વી.એમ. મશીનમાં સ્વીચ દબાવતા પહેલા, છેલ્લી ક્ષણે આવેલા મતદારના વિચાર પર જ જો આજે સમગ્ર રાજ્યનું ભાવિ મીટ માંડીને બેઠું હોય તો એ, સમગ્ર વિશ્વની સૌથી મોટી અને સૌથી અભુતપૂર્વ લોકશાહી માટે ...કેટલી કરુણતા છે !!!